# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-10-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિસ સમા** વાંચે છે.

---

## ITI અપગ્રેડેશન એમ.ઓ.યુ:

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં રોજગાર પત્ર વિતરણ અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.)ના અપગ્રેડેશન માટેના એમ.ઓ.યુ. કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના કાર્યક્રમની સાથે કચ્છ જિલ્લાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર ખાતેથી શ્રી પટેલે વર્ચ્યુઅલી જોડાઇને યુવાનોને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

મહાનુભાવોના હસ્તે યુવા ઉમેદવારોને રોજગારી એનાયત પત્ર અને પ્રોવિઝનલ જોબ ઓફર પત્ર નું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાની આઇ.ટી.આઇ.ના માળખાંકીય વિકાસ અને અપગ્રેડેશન માટે વિવિધ ઔદ્યોગિક એકમો અને આઇ.ટી.આઇ. વચ્ચે એમ.ઓ.યુ.નું આદાન-પ્રદાન પણ કરવામાં આવ્યું હતું . આ પસ્ર્ંગે  જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્યો વગરે ઉપસ્થિત રહ્યા હતા.

---

## લાકડા વહાણ ઉધોગ:

માંડવી બંદર ખાતે લાકડાથી નિર્માણ પામેલા 1800 થી વધુ ટનની ક્ષમતા નું પરિવહન કરી શકે તેવા અલ ઉમર જહાજની માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધ દવેએ મુલાકાત લીધી હતી. આ પ્રંસંગે  ઉદ્યોગ સાહસિકોને માંડવીના દરિયા કિનારે રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું.

સરકાર તરફથી પૂરતી મદદની ખાતરી આપી હતી અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આ ઉદ્યોગની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે માંડવી દરિયા કિનારે લાકડાના વહાણ બનાવવાનો ઉદ્યોગ 400 વર્ષથી પણ વધારે જૂનું હોવાનું મનાય છે અને એક સમયે જિલ્લાના માંડવી બંદરે 84 દેશના બંદરના વાવટા ફરકતા હતા. માંડવી બંદર પર હજારો ટન માલની આયાત-નિકાસ આ વહાણવટું ઉદ્યોગ મારફતે થતી હતી. જેના લીધે માંડવીના ઘણા લોકોને આજીવિકા મળી રહેતી હતી.

---------------------------------------------------------------------------------------------

## 'આપના દ્વારે' કાર્યક્રમ:

માંડવી નગરપાલિકાના વોર્ડ નંબર 6 અને કાંઠા વિસ્તારમાં ધારાસભ્ય અનિરુદ્ધ દવે દ્વારા લોકોની સુખાકારીમાં વધારો કરવાનો  હેતુથી 'આપના દ્વારે' કાર્યક્રમ યોજાયો હતો. શ્રી દવેએ લોકોના વિવિધ પ્રશ્નો, જેમાં સિટી સર્વે, એપીએમસી, રાશન, રોડ, ગટર અને સફાઈ સંબંધિત મુદ્દાઓનો સાંભળી પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપી હતી. માંડવી નગરપાલિકા દ્વારા નગરમાં રસ્તા અને ગટર સહિતના વિકાસના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી આવાસ યોજના:

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મધ્યમવર્ગના આવાસવિહોણા લાભાર્થીઓને પાક્કું મકાન બાંધવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. કુનરીયા ગામના મહેશભાઈ વાણીયા આ યોજનાના લાભાર્થી છે.જેમને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૧,૨૦,૦૦૦/- મકાન બાંધવા માટેની સહાય મળી અને આ સહાયની મદદથી તથા પરિવારની થોડી બચતથી પાક્કું મકાન બનાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું લક્ષ્ય મધ્યમ વર્ગ અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘરવિહોણા લોકોને સમયબદ્ધ આવાસો પૂરા પાડવાનું છે. જે

વ્યક્તિઓ ખુલ્લો પ્લોટ ધરાવતા હોય, તદ્દન કાચું ગાર માટીનું, જે રહેઠાણ યોગ્ય મકાન ન હોય તેવું મકાન ધરાવતા હોય તેવા મકાન બાંધવા ઈચ્છતા નાગરિકોને રૂ.૧,૨૦,૦૦૦ની સહાય આ યોજના અંતર્ગત અનુક્રમે ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે છે.

---

## વિકાસ સપ્તાહની ઉજવણી:

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી હેઠળ વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત દહીંસરા ગામે કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગામની પાણી સમસ્યા ઉકેલવા નવો બોર અને ટાંકો બનાવવાની કામગીરી હાથ ધરાઇ છે. ઉપરાંત વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું હતું.

નિરોણા પાવરપટ્ટીના ડાડોર-ઝાલુના રસ્તા વચ્ચે રૂા. 3.58 કરોડના ખર્ચે અને બિબ્બર-ખારડિયા વચ્ચેના રસ્તાની નદીની પાપડી પર રૂા. 2.83 કરોડના ખર્ચે નિર્માણ થનારા પુલનું જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા ખાતમુહૂર્ત કરાયું હતું.

---

## સરહદ ઓળખો કાર્યક્રમ:

રાજ્ય સરકાર દ્વારા દ્વારા સરહદ  ઓળખો કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં 15 થી 35 વર્ષની વયના યુવક-યુવતીઓ માટે આ “સરહદ ઓળખો પ્રવાસ” 10 દિવસનો સંપૂર્ણપણે વિના મૂલ્યે યોજાશે.

પસંદ કરાયેલા યુવાનોને  કચ્છ અને બનાસકાંઠાના સરહદી વિસ્તારોની અદ્ભુત સફર કરવાનો, સરહદ પર કાર્યરત ભારતીય સેના અને બીએસએફના જવાનોના જીવનને નજીકથી અનુભવવાનો, તેમજ ઐતિહાસિક અને પુરાતત્વીય સ્થળોની મુલાકાત કરવાનો સુવર્ણ અવસર મળશે. અરજી માટે યુવાનોને પોતાના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીમાં આગામી તા. 10 નવેમ્બર સુધી ફોર્મ જમા કરાવવાનું રહેશે. પસંદગીમાં NCC કેડેટ્સ, NSS સભ્યો, રાષ્ટ્રીય પરેડમાં ભાગ લેનાર, ખેલકૂદમાં વિજેતા અને વિરતા એવોર્ડ મેળવનાર યુવાનોને પ્રાધાન્ય આપવામાં આવશે.

---

## હવામાન:

જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વિષમ વાતાવરણ અનુભવાઇ રહ્યું છે, ત્યારે આ વાતાવરણીય વિષમતા હજુ વધે  તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. નવરાત્રિમાં ચોમાસું માહોલ સર્જાયા બાદ વરસાદની વિદાય સાથે મોડી રાત્રિથી લઇ વહેલી સવારના સમયગાળામાં વાતાવરણમાં ગુલાબી ઠંડીની ચમક અનુભવાય છે, તો દિવસ ઊગતાની સાથે જ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ભુજ, કંડલા પોર્ટ, નલિયા અને અંજાર-ગાંધીધામમાં મહત્તમ તાપમાન 32થી 33 ડિગ્રી, તો લઘુતમ તાપમાન 20થી 22 ડિગ્રી વચ્ચે રહેતાં દિવસ અને રાત્રિના તાપમાનમાં સરેરાશ 10થી 11 ડિગ્રીનો તફાવત જોવા મળ્યો છે.

---

## ક્રિકેટ:

વુમન્સ વન-ડે વર્લ્ડ કપમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ વિશાખાપટ્ટનમમાં રમાઈ રહી છે. ભારતીય ઓપનરોએ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ મજબૂત શરૂઆત કરી હતી. છેલ્લે મળેલી માહિતી મુજબ ભારતે 48 ઓવરમાં 8 વિકેટ ગુમાવી  329 રન કર્યા છે.

---